કિસાન જંગ

(એકાંકી નાટિકા)

કિંમત એક આનો

એસ. જે. રાજગુરૂ

મજુર સાહિત્ય પ્રચાર સભા, રમકડા મારકીટ, અમદાવાદ.

નિવેદન

" મજૂર સાહિત્ય પ્રચાર સભા " ગુજરાતમાં શ્રમજીવીઓની સાચી ક્રાન્તિકારી વિચારશ્રેણી આમ જનતાની સરળ ભાષામાં રજુ કરી જનતાનું રૂપે પહોંચાડતી એક જ સાહિત્ય સંસ્થા છે. સંસ્થાને ત્રણ વરસ પુરાં થવા આવ્યાં છે. આ સમય દરમ્યાન આપેલ પુસ્તિકાઓ જોતાં વિચારપ્રવાહની દૃષ્ટિએ અમો મગરૂર છીએ. સસ્તી કીંમત રાખી સસ્તું સાહિત્ય આપવા જતાં આર્થિક બાજુ અમારી છેક જ કંગાલ રહી છે, તેથી પ્રકાશનની નિયમિતતા નથી જાળવી શકયા. આર્થિક મુસ્કેલીમાં વળી કાગળના ભાવોનો વધારો તથા રોજ-બ-રોજની શ્રમજીવીઓની લડતમાં ખુંતેલા અમારા સાથીઓ અને અમો પ્રકાશનને સદ્ધર નથી બનાવી શકયા. કેટલીક વખત આ સાહિત્યના પૈસા પણ મેળવી શકયા નથી. કેટલાક કાર્યક્ષેત્રોમાં વિના મૂલ્યે સાહિત્ય ગયું છે. આમ આર્થિક કંગાલીયતે પુરતા પ્રમાણમાં વાંચન આપી ન શકવા માટે અમોને ઉદ્વેગ થાય છે.

પણ જો આ સાહિત્ય સસ્તું અને શ્રમજીવી યોગ્ય હોય, તેની જરૂરત ગુજરાતના ક્રાન્તિપ્રિય દિલો પીછાણી શકતા હોય, અમારી હાલતથી પરિચિત થઈ હમદર્દી બતાવી શકતા હોય તો ગુજરાતે આ એક જ શ્રમજીવી સાહિત્યની સંસ્થાને જીવાડવા મદદ કરવી રહી.

દરેક ભાઈ બ્હેન, ખરીદાને અથવા શકય રકમ કાર્યાલયે મંત્રીને ભેટ આપી (પહોંચ મેળવવી) ને સહાય કરી શકે. વેપારી મિત્રો ધંધાની જાહેર ખબર આપી મદદ કરી શકે.

આ વખતે કિસાન ચળવળને બંધબેસતી કાઠિયાવાડી જબાનમાં **એકાંકી નાટિકા** (ભજવી શકાય તેવી) લખી કોમરેડ રાજગુરૂએ આ સભાને નવી જ વસ્તુ આપી છે. અમારી ત્રુટીઓ વાંચક દરગુજર કરશે અને અમારા આ પ્રયત્નને પોતાનો ગણી ટેકો આપશે તેવી આશા છે.

ગુજરાત નહિ, હિન્દ નહિ, પણ જગત જે રાજકીય ઝંઝાવાતમાંથી પ્રસાર થાય છે તે જોતાં આ સાહિત્ય પ્રવૃતિ કદાચ રૂંધાઈ જાય. પણ જે વિચાર સરણી તે રજુ કરે છે તે વિચાર અમલીરૂપ ધારણ કરતા જાય છે. અને હિન્દ આઝાદ બનશે. શ્રમજીવી જનતાની સત્તાવાળું હિન્દ જોવા આપણે આપણો ફાળો બનતી રીતે આપીએ. વાંચકો પોતપોતાની રીતે આપશે તેવી આશા રાખીએ છીએ.

દિલની વાત.

હિંદ ખેતી પ્રધાન દેશ છે. ૩૭ કરોડ પ્રજાનો જીવનાધાર ખેતી છે. ૯૨ ટકા જનસંખ્યા ખેતીના ધંધામાં મહેનત અને જીવન નિર્વાહ માંડી બેઠી છે. એવા ધંધામાં જીવતા ખેડુતોની કંગાલ હાલત કેવી છે ? કેમ થઈ અને કેટલી હદે ગઇ ? તેનાં કારણો તથા આ કંગાલીયત મીટાવવા શું કરવું જોઇએ, તેનું બુદ્ધિપુર:સર જ્ઞાન પણ કંગાલ હિંદી કિસાનોને નથી. દિનરાત ગમે તે ઋતુમાં ભૂખે પેટે, ઉઘાડે પગે, દુ:ખી દીસે, ચિંતામગ્ન ચ્હેરે, હતાશ હિંદી ખેડૂત નશીબ પર આશા રાખતો, કપાળ કૂટતો જીવન-સંગ્રામ ખેડતો આપણે જોઇએ છીએ. તેના દુ:ખની ટોચ ચડી ગઇ છે. કંગાલીયત વધારતાં તેના વિરોધી બળો તેને વધુ ને વધુ, કયારેક સીફતથી અને કયારેક નગ્ન દમનથી ભીંસે છે, ત્યારે અકળાયેલ વ્યક્તિ કે સમૂહે સામું મરણીયું ડગલું ભર્યું છે. કયારેક અલ્પજીવી વિજય મળ્યો ને પાછો ખુંચવાઈ ગયો છે. જ્યારે વધુ ભાગે દબાઇ, ગુંગળાઇ, પાછો પછડાયો છે અને બમણા દુ:ખ સહેવા કટિબદ્ધ પણ થયો છે. છતાંય રોજ-બ-રોજના જીવનવિગ્રહમાંથી તેણે વર્ગીય શક્તિ અને ચેતન મેળવ્યાં છે. વધુ સંગઠિત થવાથી આખરી વિજય તેનો જ છે, તેની ખાત્રી તેના હૃદયમાં વસતી જાય છે અને ભાવી જીવનની આશાએ વિરોધી બળોનો મુકાબલો કરવા, આખરી જંગ જીતવા, મક્કમ નિર્ધારે, સમૂહ જાગ્રત થઇ અડગ પગલાં ભરતો જાય છે. આ તેના ભાવી વિજય માટે ખાત્રી આપે તેવી વસ્તુ છે.

ગુજરાત કાઠીયાવાડના કિસાનોની હાલત ટૂંકમાં નીચે મૂજબ છે:

સુરત જીલ્લાના દૂબળાઓ, રાનીપરજ, કાળીપરજ અને પંચમહાલના ભીલોની હાલત છેક જ કંગાલ છે. તેમાના મોટા ભાગની જમીનો વર્ષોથી ખૂંચવાઈ ગઇ છે. આજે તે ખેતી પરનો મજૂર બની ગયો છે. દૂબળા એ તો ગુલામી પ્રથાના પ્રતીક જ છે.

ખેડા જીલ્લાના બહાદુર કિસાનોમાં લડાયક ખમીર પુરજોસમાં હજુય ઝળકે છે. અમદાવાદ જીલ્લામાં હજુ બીજા ગરીબ ખેડૂતો જેવી ઉઘાડી કંગાલીયત જણાતી ન હોઇ ખેડૂતો પુરા જાગ્રત નથી.

પણ સાણંદના રાજશાહીની એડીતળે ચગદાતા સાણંદના કિસાનોની હાલત ખૂબ જ કંગાલ છે. મોરૈયા અને આજુબાજુના ઈનામી તથા તાલુકદારી ગામમાં ખેડૂતો પર એવડો માર પડે છે. તેમને અન્નના સાંસા છે, કરભારણુ ને વેરાનો પાર નથી. ઘાસ ઉઠાવી જતી પાંજરાપોળોની "વહેપારી નીતિ" એ ગામડાના ખેડૂતોના ઢોરોને કાંતો ખુંચવી લીધા છે અથવા અહિંસા ધર્મીઓએ આ રીતે તેમને યમસદનમાં પહોંચાડયા છે.

કાઠિયાવાડમાં તો દેશી રાજાઓ અને તાલુકદારોના ઉડાઉ-પણાના ભોગ કિસાનો બન્યા છે. શાહુકાર, તાલુકદાર, અમલદાર, સરકાર, લાંચીઆ, ખટપટીઆ, કોર્ટ, લફંગા અને માગણ-ભીખારીઓ આ બધા ખેડૂતને નીચોવી ખાનારી જળો છે. આજે કાઠિયાવાડ જેવો લડાયક ખમીરવંતો ઉદાર, ઐતિહાસિક પ્રદેશ, કંગાલીયતના કારણે ક્રાંતિકારી છતાં નિર્બળ અને નિરાશ્રિત બની બેઠો છે.

કાઠિયાવાડના નાના રાજ્યોની અનેક લૂંટો, લાગા, વેઠ, આકરા મહેસુલને જે સાફ દિલનો માનવી જુવે તેના દિલમાં ક્રાંતિકારી વિચાર આવે, તેને શાહુકારી, જમીનદારી અને રાજાશાહીને એક ઝપાટે સાફ કરી નાખવા મન થાય. આ શકય છે. પણ હિંદી મૂડીવાદની આજની સ્થિતિ આ બળો સાથે સહકારની છે. પરદેશી સરકારની પણ એ જ જરૂરીઆત છે. તેથી બ્રિટીશ શાહીવાદ અને હિંદી મૂડીવાદી મહાસભા તથા તેનું માઇક્રોફોન ગાંધી અને ગાંધીવાદ આ ક્રાંતિને રોકે છે. એટલું જ નહીં પણ શ્રમજીવિઓ પર પીઠ પાછળ ઘા કરે છે.

હવે આ હકીકત સિદ્ધ કરતા કિસાન જંગો આપણે જોઇએઃ હરિપુરા મહાસભાના અધિવેશન વખતે પંદર હજાર કિસાનોની કૂચ ત્યાં

આવી, તેણે “ હાળી પદ્ધતિ તોડ દો ”નો પડકાર કર્યો અને કોંગ્રેસ ભડકી. તેણે હાળીઓને “ હળપતિ ” બનાવ્યા. જેમ ઢેઢને “ હરિજન ” કહ્યા તેમ. પણ તેમની ગુલામી ગઈ નહીં. ફક્ત ગુલામીની સાંકળથી પડેલા ચાઠાં “ બહુ ખરાબ અને કાળાં લાગે છે ” તેમ કહી લાગણીવેડાથી પતાવ્યું. પણ સુરત જીલ્લા કિસાન સભાના ખડતલ વીરોએ જંગ માંડયો. વડોદરાની સરકાર, મુંબઈની સરકાર તથા સ્થાનિક શાહુકારી, દેશાઈ અને અમીનોના હાજાં ગગડી ગયાં. તૂટતી મહેલાતો પર પ્લાસ્ટર કરવા સરદાર પટેલે બારડોલીમાં હાળીઓની ગુલામી તોડવાની કહેવાતી શરતો કરી, કે ગુલામને પૈસાથી છોડવો. પણ ગુલામને પૈસા ન મળે. પૈસા મળે નહિ ને ગુલામી જાય નહીં. બીજી પાસ મુંબઈની કોંગ્રેસ સરકારે ૫૦ ટકા મહેસુલ માફ કરવાના વચનને સત્યના મહાન પ્રયોગ તરીકે રજુ કરી પાછલે બારણેથી પ્રધાનપદાં ટકાવવા મોટા જમીનવાળાઓને રીઝવવા ગણોત બીલ અને ઋણ રાહત બીલનાં નાટકો ભજવ્યાં, જે કદીય ખેડૂતોના દળદર ફીટાડે તેમ નથી. કિસાનોએ જ્યારે આખરી જંગ માંડયો ત્યારે તેને તોડવા ત્રિવિધ રીતો આચરાઈ: દમન, રાહત, શામ અને ભેદનીતિ. આ રીતે ગુજરાતની કિસાન લડતના પગરણ થતાં જ કોંગ્રેસે તેને ડામવાનું સીફતથી શરૂ કર્યું. કિસાન તાકાત વધતાં મૂડીવાદી કોંગ્રેસ બોલી: કોંગ્રેસ કિસાનોની છે. છતાં તે કિસાનોને કચડી શકે છે. કોંગ્રેસ મજૂરોની છે. છતાં તે મજૂરોને ગોળીએ વીંધીને પાક અહિંસા ધર્મ જાળવી શકે છે. કોંગ્રેસ મજૂરોની થઇ શકે, કિસાનોની થઇ શકે, જમીનદાર, તાલુકદારોની પણ થઈ શકે ને માલદારોની પણ બની શકે. મજુરોની કોંગ્રેસ મજુરોની હડતાળ તોડવા કાયદાઓ, પ્રચાર અને ગોળીબાર કરી શકે ? ખેડૂતોની કોંગ્રેસ ખેડૂતોની સભા અને લડતોને તોડવા ખાસડા ફેંકાવી શકે ? પણ માલદારો અને જમીનદારોની જમીન કે કારખાના ગરીબોના હિત માટે વાપરવા કાયદાથી કે લડતથી ગરીબોને હિતકર થાય તેમ ન કરી શકે ? ત્યારે કોંગ્રેસ કોની ?

સુરત અને માંગરોળની લડતો સાથે આપણે દેશી રાજ્યની લડતો ટુંકમાં જોઇએ. માણુસાના ખેડૂતોની સ્વતંત્ર લડત અને તેમાં સ્ત્રીઓનો હીસ્સો ધ્યાન ખેંચે છે. આ લડતમાંથી મધ્યમ વર્ગને દૂર રાખવામાં આવેલ. આ કારણે આ લડત સમાધાનમાં પરિણમી. આ લડત ખેડૂત જનતાની માર્ગદર્શક બની. આ લડતના તુરતના પગથીયા રૂપે કાઠિયાવાડના ૩૬ ગામડીવાળા નાનકડા વળા રાજ્યમાં ખેડૂત લડત ઉપડી. વળાની આંતરિક ખટપટના રાજકારણે ખેડૂત જાગ્રતિને દાબવાના પ્રયત્નો કર્યા. ખેડૂત જવાન બેચરભાઇનું ખૂન થયું. આ ખૂનથી વળાની નહીં પણ કાઠિયાવાડની જનતા જાગી. વિફરવાની અણીપર મામલો આવ્યો. વળા મહાન ક્રાંતિ કરત. રાજાનું રાજ ચાલી જાત. તે દિનની બેચરભાઇની સ્મશાન યાત્રા ક્રાંતિનું રૂપ લેત. પણ ઢીલી કાઠિયાવાડી ગાંધીશાહી આગેવાનીના એજન્ટ ભાઈ ઢેબરની પ્રેરણાએ બંડખોર ખેડૂતોને શાન્ત કર્યા. પરિણામે આજે ખેડૂતો અને પ્રજા રીબાય છે. થતી ક્રાંતિને રોકવાથી સહજ ઉપજતો પ્રત્યાઘાત આ રીતે શરૂ થયો.

આ જ રીતે રાજકોટની ખેડૂત પ્રજાની તાકાતને જવાબદાર તંત્રમાં પ્રથમથી આમેજ ન કરતાં સરદારે લડાયક બળોને દૂર રાખ્યાં અને લડતના મૂળ પ્રણેતા ઉદ્દામ સમાજવાદીઓની આંતરરાષ્ટ્રીય તકવાદી "સંયુક્ત મોર્ચા"ની નીતિના કાયમી સૂત્રે લડત ગાંધીવાદી મૂડીદારોના હાથમાં સોંપી. લડત લંબાઈ અને ગરીબ વર્ગ આર્થિક રીતે છૂંદાઇ ગયો. જો પ્રથમ ખેડૂતોમાં વર્ગીય શક્તિ ઉપજાવી ખેડુત, મજૂર અને વિદ્યાર્થીઓની સ્વતંત્ર તાકાત પર આ લડત લડાઇ હોત તો આવું કરૂણ પરિણામ ન આવત. પણ મૂડીવાદી મહાસભાની ચાલનશક્તિ અને લડતની વર્ગીય મર્યાદાને ન ઓળખનાર, મૂડીદારોને લડતમાં ઘસડવાની ડંફાશ મારતા ગણિત ભૂલ્યા સમાજવાદીઓની ઉંધી ગણત્રીના કારણે લડત મૂડીદાર વર્ગના હાથમાં ગઇ અને રજવાડા જોડે જીવનસાથી બનેલા ગાંધીવાદે—મૂડીવાદે—

પોતાનો વર્ગીય પ્રત્યાઘાતી મોરચો સાચવવા આખી લડતને અને હિંદના રાજસ્થાની ક્રાંતિકારી દળોને એક જ ઝટકે ઘા કરી ઘાયલ કરી નાંખ્યા.

આ જ ટાંકણે લીંબડીનું તાંડવ નૃત્ય ઉભું થયું. કચડાયેલી રાજસ્થાની જનતા બંડ પોકારી રહી હતી. લીંબડી રાજ્ય જાતે દિન પ્રતિદિન વેપારી બનતું જતું હતું. રાજ્યના વેપારી હિતો સામે લીંબડીના વેપારી (વાણિયા) ના વેપાર અંગેના હિતોની અથડામણ દિન પ્રતિદિન વધતી જતી હતી. રાજકોટની જવાબદાર તંત્રની માગણી કાઠિયાવાડે જ નહિ બલ્કે હિંદી રાજસ્થાનોએ ઉપાડી લીધી હતી. પણ જવાબદાર તંત્ર અને ફેડરેશનના સંબંધોની આંટીઘૂંટીમાં તમામ રાજ્યો એકત્ર બન્યા. તેમના વર્ગીય હિતોએ તેમને સંયુક્ત દમન કરવા હાકલ કરી. લીંબડીના લોકો ને મુંબઈમાં ધમધોકાર નફાકારક વેપાર કરતા વણિક આગેવાનોએ જવાબદાર તંત્ર માટે કાંઈ પણ તૈયારી વગર હાકલ કરી. લીંબડી રાજ્યનો કંગાળ કિસાન સુખદુઃખે સમસમી રહ્યો હતો. તેના દુઃખો દૂર થશે તેવી આશાના વચન પર તે જવાબદાર તંત્રની લડતમાં વણિક (મૂડીદારી) આગેવાની નીચે રજવાડી જુલ્મમાંથી મુક્ત થવા આગળ આવ્યો. પણ ખેડૂતની આશા નિરાશામાં ફેરવાઇ ગઈ. દરબાર શ્રી ગોપાળદાસના પ્રમુખપદે ભરાતી પરિષદ પર રાજ્યની શેહ નીચે રાજ્યના ટુકડા પર નજર ફેંકનાર પ્રત્યાઘાતી વર્ગનો રાજકીય દેખાવ હીંદના ઇતિહાસમાં અનોખી રીતે ઝળુકી ગયો. મુસ્લીમો, બ્રાહ્મણો અને સનાતનીઓ સ્વાર્થી ટુકડા ખાતર મુસ્લીમ ઝંડા અને ભગવા ઝંડા નીચે સંયુક્ત બની ઝંડાને શરમાવવા કત્લની મહેફીલ ઉજવવા ઉપડયા. પરિષદ પ્રમુખ અને કાર્યકરોની સ્થિતિ વિષમ બની. આ વખતે રાજ્યની ખેડૂત જનતા સામનો કરવા હુકમ માગતી હતી. અહિંસાનો પેગામ તેમના જુસ્સા ને તાકાતને રોકતો હતો. મૂંગા માર ખાવાનું જીવનમાં જોયેલ નહિ તેવું કપરૂં કામ, મર્દ જનતાએ બેહદ માર ખાઇ, અપમાનના કડવા ઘુંટડા પીધાં ને લીંબડીનું દમન જગજાહેર

થયું. લીંબડીના કિસાનોના બલિદાનની ભાગ્યે જ પુરી નોંધ લેવાઇ છે. લીંબડી ગોઝારૂં બન્યું. લડતનો વ્યૂહ જુની વણિક રીતિમાં પલટાયો ને હિજરત કરી. હિજરતમાં ખેડુતો આવ્યા. તેની જમીન ગઇ, ઘરબાર ગયું. આજે તેઓ ભીખારી દશામાં મૂકાયા છે. હિજરતીઓના નામે મુંબાઇમાં ફંડો ઉઘરાવામાં પણ હિજરતીઓમાં ગરીબ અને ઉપલા થરના એવા ભેદ પડયા. મુંબઇનો વેપાર ચાલુ છે, નોકરી ચાલુ છે, તેવા જીવી શકે છે. નેતાઓ રૂના બહિષ્કારની પાછળ નિષ્ફળ રીતે શક્તિ, સમય ને નાણુંનો વ્યય કરી 'હાર્યો જુગારી બમણું રમે' તે રીતે "લીંબડી દીન" ઉજવી આત્મસંતોષ લઇ શકે છે. ત્યારે બીજી બાજુ હિજરતી કિસાન ભૂખ અને રાજ્યના ત્રાસથી કંટાળી ગયો છે. આ અંગે છૂપાયેલી હકીકતો પણ હવે તો જાહેર રીતે બહાર પડી ગઇ છે.

ખરી રીતે લીંબડી સામે બરવાળા અને લીંબડીની કિસાન જનતા પોતાની માગણીઓ માટે આખરી જંગ લડી લેત. પણ વેપાર દૃષ્ટિની મર્યાદિત લડત રૂના બહિષ્કારની માગણીથી તેના વર્ગીય સ્વરૂપને જાહેર કરે છે. આમ ખેડૂતની તાકાતના ભોગે વેપારી હિતો માટે લડાતી લડતો કાં તો એમનો સ્વાર્થ સરતાં સમાધાનીમાં પરિણમે અથવા નીચલા થરના ગળાં કાપી, હારને પણ નૈતિક વિજયમાં ખપાવે. પણ જે વર્ગે ભોગ આપ્યો, શહીદી સ્વીકારી તે વર્ગની દશામાં કાંઇ જ ફેર પડતો નથી. તેમની સ્વતંત્રતા કે હિતરક્ષા થવાને બદલે કુસંપ અને પ્રત્યાઘાતના ઝેરમાં તે સપડાય છે. એ રીતે લીંબડીનું થયું ને તે પછી તો દેશી રાજ્યોમાં દમન અને પ્રત્યાઘાતી બળોનો સંયુક્ત મોરચો રચાયો. જે જગ જાહેર વાત બની ગઇ છે.

આવું જ જામનગરમાં બન્યું. દેશી રાજાઓના મંડળના વડા જામનરેશના રાજ્યમાં દમનકાંડ મંડાયો. અને દરેક રાજ્યોએ એક બાજુ દમન, બીજી બાજુ રાહત અને પ્રજાના નામે વફાદારોનાં મંડળો બનાવવા કે પ્રજા મંડળોમાં પોતાના ખાંધીઆઓ ઉભા

કરવાની દ્વિમુખી નીતિ અખ્તયાર કરી. સાથે સાથે જમીનદારી નવાબીની હિતપ્રતિનિધિ મુસ્લીમ લીગનો સાથ કામે લેવાયો. જામનગરમાં પણ સમાજવાદીઓની જાણીતી પેલી તકવાદી સંયુક્ત મોરચાની પોપટીયા નીતિ આચરવા જતાં માર ખાધો અને રાજ્યના ખાંધીઆ અને આર્યસમાજી કોંગ્રેસમેનોની ખીચડીયા જમાતમાં લડતના સુત્રો અટવાઇ ગયાં અને ખેડૂતોની અવદશા થઇ. રાજ્યે ભાગલા પાડયા. કોઇને રાહત આપી, કોઇને દંડયા. લડાઈ તો તૂટી ગઇ, પણ દેશી રાજ્યોએ સામુ આક્રમણ કર્યું. આમ મુડીવાળા હિતો સાથે સંયુક્ત મોરચો કરવા જતાં સ્થાપિત હિતવાળાઓ, તેમની લડાયક નહિ તેવી શકિત હોઇ રજવાડાની ગોદમાં ભરાઇ બેઠા. પ્રજાના લડાયક બળોને સંગઠિત કરવાને બદલે રાજ્યો પાસેથી ટુકડા માગનાર બીન લડાયક એવા વર્ગ પાસેથી લડાઇની ભ્રામક આશામાં પોતાને માર્કસીસ્ટ કહેવડાવતા ભુલેલા સમાજવાદીઓએ ગોથું ખાધું ને પ્રજાને સહેવું પડયું. પ્રજામંડળોના સૂત્રોમાં અટવાઇ જઇ, વર્ગીય ભાન તેમનામાં રેડવાને બદલે તેને બુઠું બનાવવાનું કામ આ રીતે મુડીદારો જોડે સંયુકત મોરચો રચવા જતાં મજુર કિસાન ક્રાન્તિની વાતો કરનારાના હાથે થઇ રહ્યું છે. જાણતાં કે અજાણતાં આ શ્રમજીવી ક્રાન્તિનો દ્રોહ છે.

પ્રજામંડળો ગરીબો માટે લડશે, તેવી ભ્રમણા કોંગ્રેસની માફક પ્રજામંડળોમાં ઘૂસેલા કોંગ્રેસ કમ્યુનિસ્ટોએ પ્રજામંડળોમાં પ્રજાનો વિશ્વાસ બેસાડવા નિષ્ફળ કોશીષ કરી. એનું પરીણામ હવે તો ખુલ્લું પણ પડી ગયું છે.

ભાવનગર રાજ્યમાં ભારે મહેસુલના ભારે કચડાતો કિસાન "રામ રાજ્ય"ના દ્વિમુખી તંત્રમાં હેરાન પરેશાન પડયો છે. આજુ બાજુનાં રાજ્યો કરતાં ભાવનગર અને પાલીતાણાના મહેસુલનાં દર બહુ જ આકરાં છે. આ રાજ્યોના કિસાનો કોઠીમાં પેસીને રડે છે. કારણકે તેમના દુઃખ દૂર કરવાની રાજ્યની વાતો ને હિન્દી મહા-

સભા અને ગાંધીજીના એજન્ટો સત્ય મનાવવા અને રાજાઓ ભલા છે તેથી સુરાજ્યને સ્વરાજ્ય મનાવી ખેડૂતો પાસે રાજવીઓના ગુણગાન ગવરાવવા આકાશ પાતાળ એક કરે છે. ઉપરથી રાજ્યો સામે માથું ઉંચકનાર કામદાર કે કિસાન અથવા યુવાન કે વિદ્યાર્થી સંસ્થાઓ કે વ્યક્તિઓને પીઠ પાછળ ઘા કરનાર ગાંધીવાદીઓની જબરી જમાત આ રાજ્યોમાં રાજ્યાશ્રિત પડી પાથરી રહે છે. આ જમાતને મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને મહાસભાનો ટેકો છે. રાજાઓ અને દિવાનો જોડે સંબંધ ધરાવતા આ લોકો પ્રજાની શક્તિ તોડે છે. પ્રજાને, રાજા અને દિવાનો તથા તાલુકદારોના સીતમો સહન કરતાં કરતાં "તેઓ આપણા અન્નદાતા છે, મિત્રો છે," તેવા સૂત્રો પઢાવે છે. ઘોઘા તાલુકા પરિષદમાં ખેડુતોને તાલુકદારોના મિત્રો ગણી કોંગ્રેસમાં ભળવા જણાવતા સ્વાગત પ્રમુખ જમીનદાર હતા અને પ્રમુખ શ્રી મોરારજી દેશાઇ તાલુકદારોને કોંગ્રેસમાં આવવા જણાવી ગયા. જે તાલુકદારો ખેડૂતોને કચડે છે તેમને મહાસભાના મિત્રો ગણી તેમના હિતોની સલામતીની ખાત્રી આપે છે. પ્રમુખ સાહેબ ખેડૂતોની પીઠ પર બેસી તેમના આગેવાન બની તાલુકદારોને પણ ખેડૂતોની પીઠ તોડવા મિત્ર બનવા આમંત્રણ આપે છે. આમ 'ભાવનગર જવાબદાર તંત્ર વગર લડયે આપશે' તેવી ખાત્રી દેનાર ભાવનગર રાજ્ય પ્રજા પરિષદના પ્રમુખશ્રી સરદાર પટેલનો આજે શો જવાબ છે? ક્યારે જવાબદાર તંત્ર વગર લડયે પ્રજા પામશે?

પણ જ્યારે ખેડૂતો લડવા તૈયાર થયા ત્યારે તેમની લડાયક શક્તિ તોડવાનું કામ જેમનાં વર્ગીય હિતો છે તેવા પ્રજા સેવકો ગણાતા મહાસભાવાદી પ્રજા પરિષદના વડાઓએ પ્રજાની લડતો ખુલ્લી રીતે તોડી છે. પ્રજાનો અવાજ પેપરોમાં લાગવગ ધરાવી, જુઠાણું ફેલાવી ગુંગળાવ્યો છે. પ્રજાને વધુ મુશ્કેલીમાં ને નિરાધાર દશામાં મૂકી છે. પાલીતાણાના લડાયક ખમીરને વ્યકિત પૂજામાં

પરોવી વચનભંગી રાજાને મહાન ગણાવવા શ્રી ઢેબર આણિ કંપનીના અખતરાઓ હવે તો જગ જાહેર થઈ ગયા છે. આમ શ્રમજીવી જનતાની લડાઇને તેમના નેતા બની તોડતા મહાસભાવાદીઓ, પ્રજા મંડળવાળાઓ અને પોતાને સમાજવાદી કહાવતા તક સાધુઓના સ્વાંગ પ્રજા જાણતી જાય છે.

વડોદરા રાજ્યના અમરેલી પ્રાંતના કિસાનો બિરાદર રાવત ખુમાણની આગેવાની નીચે અમરેલી પ્રજા મંડળ અધિવેશન પર કૂચ લઇ ગયા, લડાયક ખમીરથી સુત્રો અને પ્રજામંડળના આગેવાનો ભડકી ગયા. તેમને કાઢવા પ્રયત્નો થાય છે. વડીઆ મુકામે પાલીતાણા રાજ્ય પ્રજા સંમેલન મળ્યું ત્યારે આવી જ ૧૫૦૦૦ કિસાનોની કૂચ પાલીતાણાની ધરતી ખૂંદી વળી, કિસાન સ્ત્રી પુરૂષોની કાંધે લટકતા રોટલાને બાળકોની એ શીસ્તબદ્ધ લાલ લશ્કરની યાદ આપતી કૂચ હજુય ભૂલાતી નથી. પાલીતાણાના શેત્રુંજાની તળેટીમાં મળેલી ૧૭ હજારની માનવમેદનીમાં ખેડૂતની તાકાતથી જ જવાબદાર તંત્ર આવશે તેવા નવજુવાન ખેડૂતોના પડકારના પડઘા માનવ સમૂહ સાથે ધનકુબેર જેવો શેત્રુંજો પણ પાડતો હતો. પણ પ્રજાના બની બેઠેલા ગાંધીવાદી આગેવાનો સમાધાન માટે જ લડતા હોઈ લડાયક ખમીરને નકામું ખર્ચી ખેડૂતોના ક્રાંતિકારી દિલ ભાંગીને ભૂકો કરી રહ્યા છે. કિસાનો માગે છે છેવટનો મરણીયો જંગ અને તેમાંથી મેળવેલી પોતાની સત્તા. ત્યારે તેમની સત્તાથી પોતાના હિત જોખમાય છે તેવા શાહુકાર, વેપારી, મૂડીદારો પોતાના હિત માટે તેમનો સમાધાનની લડાઇમાં ઉપયોગ કરે છે.

આવી જ નાનકડા રતનપુર (વડોદરા) પેટામહાલના એક તાલુકદારી ગામ મોણપુરની લડત છે. તેણે લવાદીનો ઇન્કાર કરી સીધી લડત કરી. દરબાર નમ્યા ને ખેડૂતોને એ વર્ષે રૂપીઆ પાંચ હજારનો ફાયદો થયો. લડતમાં કિસાન સ્ત્રીઓનો અજબ ઉત્સાહ ને તેમણે લીધેલ પગલાંથી જ વિજય સાંપડયો. કિસાનોની

માગણીઓને કાયમી લેખી રૂપ આપવા પ્રાંતીક કોર્ટ અમરેલી સુબા પાસે જવું જરૂરી હતું. પણ ત્યાં રાજ્યરત્ન બનાવાયેલ રાજ્યહિતેચ્છુ પ્રજામંડળના વડાઓએ સુબા પાસે જઇ એને કાયમી રૂપ લેતું અટકાવી ખેડૂતોના હિતને નુકશાન કર્યું. આમ કાઠિયાવાડમાં કિસાન જંગો થયા. પણ મૂડીદારી હિતો અને તેમના ટુકડા પર નભતા મધ્યમ વર્ગે પોતાના હિત ખાતર જવાબદાર તંત્રની લડતના ભૂક્કા કરી નાંખ્યા અને તેમાં ગરીબોના પગ બાંધનાર પોતાને મહાસભાવાદી ગણાવતા ખાદી ધારીઓ હતા.

હવે આપણે ગુજરાત તરફ પાછા ફરીએ. ત્રિપુરી અધિવેશન પછી ગુજરાતમાં ફરી કિસાન ચળવળને વેગ આપવા પ્રયત્નો થયા. વડોદરા રાજ્યે શાહુકારોના ટેકામાં ભરાઇ કિસાન ચળવળ પર ઘા કર્યો. કિસાન ચળવળ વડોદરા પ્રાન્ત માટે બંધ કરી, ગેરકાયદે ઠરાવી.

દુષ્કાળ અંગેની રાહતની માગણીઓ માટે હજારો ખેડુતો કચેરીઓ પર કૂચ લઇ ગયા. પણ આ કૂચનો પેગામ તો મળ્યો અને ઝીલાયો ને વૌઠા ગામના મેળામાં લાલ ઝંડા નીચે માઇક્રો-ફોન ઉપર ઉભા રહી કિસાન સભાએ કરેલી હાકલ અંગે થયો. કિસાન ચળવળ મેળામાં ઉતરી ને એક નવું પ્રચાર સ્થાન મળ્યું. હજુય હિંદની કિસાન ચળવળ બરાબર નથી જામી તેમ તો અખિલ હિંદ કિસાન સભાના પ્રમુખ કોમરેડ રાહુલજીએ હમણા જ જણાવ્યું છે. તેના કારણો પણ તેમણે જણાવ્યાં છે. આપણે ગુજ-રાતની કિસાન ચળવળને જોઇએ તો જણાશે કે ગુજરાતમાં જમીન-દારીનું જોર નથી. વળી કિસાન ચળવળની સામે ખેડુત મંડળો મહાસભાએ ઉભાં કરાવ્યાં છે, કિસાન સભાઓ તોડવા ગુંડાગીરી સુદ્ધાં કરાવાઇ છે, કૂચ સામે પરિષદો યોજાઇ છે, પેપરોમાંથી પણ ઉદ્દામ ચળવળને બાકાત રખાય છે. ગુજરાતની કિસાન કે ઉદ્દામ ચળવળને મહાસભા તોડે છે અને તેમાંય જ્યારે પોતાને સમાજ-વાદી, રોયીસ્ટ કે ઉદ્દામ અથવા સામ્યવાદી ગણાવતા લોકો અંદર

અંદર ફક્ત લીડરશિપ જીવતી બતાવવા મૂડીદારી રાજકારણના હાથા બને છે, ત્યારે તો હદ થાય છે. કિસાન કાર્યકરો પોતાની અંદરની ખામીઓ શોધી કાઢે. નબળા, નકામા અને ચળવળને રોકતા હોય તેવા લોકોને ફગાવી દેશે ત્યારે જ તમામ ઉદ્દામ ચળવળ સંયુક્ત, શુદ્ધ ને તાકાતવાન બનશે.

આ બધી હકીકતો અને લડતોમાંથી આપણે જોઈ શકીશું કે ગરીબોની વિરૂદ્ધ જેમનાં હિતો છે, તેઓ ગરીબોને કચડી પોતાના હિતો સલામત રાખવા પ્રયત્નો કરે છે. જો ગરીબ કિસાનોના હિત શાહૂકારી, જમીનદારી, રજવાડી પદ્ધતિની વિરૂદ્ધ હોય તો તે એક બીજા સામે લડે જ છે, ને લડશે. આવા એકબીજાના વિરોધી બળોનું એક સાથે ભલું ન જ થઈ શકે. તેમ જાણવા છતાં તેવા બળોનો સંયુક્ત મોરચો રચવાની વાતો ગાંધીજી જેવા મૂડીદારી સમાજ-પદ્ધતિના રક્ષણની વિચાર શ્રેણી ધરાવતા કરે કે તેમના વિચારની અસરવાળા કે જેમનાં હિત તેમાં સમાય છે તેવા લોકો તેમ કરે—કહે તે સમજી શકાય તેમ છે, પણ વર્ગવિગ્રહની માર્કસની થીઅરીના અનુયાયીઓ જ્યારે "કોંગ્રેસ જનતાની છે." તેમ કહે છે, ત્યારે તેમના માર્કસવાદ પર તકવાદનું આવરણ છે તેમ કહ્યા વગર રહેવાતું નથી. શું કોંગ્રેસ જમીનદારી, શાહૂકારી, રજવાડી વિરૂદ્ધ કિસાનોના સ્વરાજ માટે લડે? લડે તો તેમાં કિસાન-શ્રમજીવી હિત વિરૂદ્ધના મૂડીદારી સ્થાપિત હિતો હોઈ શકે—રહી શકે? ન રહી શકે, તો શું કોંગ્રેસ કિસાનોના હાથમાં આવી શકે? જ્યાં સુધી પૈસાદારોના હાથમાં પૈસા છે, બુદ્ધિ છે, બંધારણ ફેરવવાની આવ-ડત, મત ખરીદવાની આવડત, લુચ્ચાઈ, પ્રત્યાઘાતીઓનો ટેકો અને લડાઈ વિરોધી હિત હોય, મધ્યમ વર્ગ અને શ્રમજીવીઓના દુઃખ પર બે શબ્દો બોલી ટુકડો ફેંકી તેના મત લઈ શકાય, છતાં ના માને તો શાહીવાદનો સાથ લઈ ગળાં કાપી ગરીબોને દબાવી રાજ કરવા માગે છે, તેવા અહિંસાના ઢોંગી વર્ગના હાથમાં શક્તિ છે એવી કોંગ્રેસ હાથ લાગે ખરી?

આપણે શ્રી સુભાષચંદ્ર બોઝ, શ્રી સ્વામી સહજાનંદ, ડૉ. ડાંગે અને બીજાને કોંગ્રેસથી દૂર કરવાના તથા બંગાળ કોંગ્રેસ કમિટી વગેરે દાખલા નજર સમીપ રાખી શકીએ છીએ,

કિસાન અને કામદારોના બળ વધી જાય ત્યારે તેમને પટાવવા ઉદ્દામ શબ્દો, લડત, સમાધાન, લવાદ, આવા સૂત્રો ફેલાવાય છે. પણ આ તો સમય વિતાવી લડત અને લડાયક બળોને તોડવાની તરકીબ માત્ર છે.

રામગઢ કોંગ્રેસે આ પૂરવાર કરી દીધું છે. છેલ્લી કોંગ્રેસ મારફત દેશના સંયુક્ત મોરચાના નામે બની ગયેલા સેનાપતિ સરમુખ્ત્યાર મહાત્મા ગાંધીજીએ લડતનું બ્યુગલ બજાવ્યું. એ લડત કેવી છે? સેનાપતિ કહે તેમ કરવાની લડત છે. પણ રેંટીયો કાંતવાની, સમાધાન કરવા કાયમ તૈયાર રહેવાની અને સેનાપતિ કહે તે જ લડત અને તે કહે તે જ સૈનિક. તેના લશ્કરમાં કિસાન, મજૂર, વિદ્યાર્થી જેવાની લડાયક વૃત્તિ તરફ હમદર્દી બતાવવી તે ગુન્હો ગણાશે, તે શાહીવાદનો તરફી ગણાશે. આ કોંગ્રેસ બોલે છે. એટલે શ્રમજીવી કે શાહીવાદ વિરૂદ્ધ મરણીઓ જંગ ખેલવા થનગનતા બળોને લડતથી દૂર રાખવા. એટલું જ નહિ પણ લડે તો તેને બદનામ કરવાની રમત છે. એનો સીધો અર્થ છે, શાહીવાદનો બચાવ.

ત્યારે શું આપણે શાહીવાદ, મૂડીવાદ ટકાવવા કોંગ્રેસની આ "લડતની રમત"ના હાથા બનીશું? સમાધાન કરવા—મૂડીદારી હિતોના ટુકડા મેળવવા—ગરીબોનો ભોગ આપીશું? સમાધાન માટે લડાતી લડતને શાહીવાદ વિરોધી જંગ ગણી હોમાઈશું કે સાચી શાહીવાદ વિરોધી છેવટની લડત કરવા સાવધ રહીશું? આજના લડતના સૂત્રો ઉદ્દામોને જેલમાં ધકેલી નાની વાતોને મોટી કરી "**મહા મહેનતે**" મળેલું સમાધાન સ્વીકારવાની પૂર્વ તૈયારી ન બને તે જોવાનું આપણું કામ છે. મૂડીવાદી હિતોના રક્ષણ ખાતર સમાધાન માટે કરવાની કહેવાતી આ લડતનો વ્યૂહ એવો છે. મહાન ભોગો

પછી પણ ભોગ દેનાર પ્રજાને " પ્રજા થાકી ગઈ ", " હિંસા ફાટી નીકળી ", એવા કલંક કપાળે લાગે. આમ બને તે પહેલાં આપણે ચેતવું જરૂરી બને છે. આવી તકે આપણે સમાધાન ન કરવા દેવા તાકાત વાપરવી પડશે. તાકાત જેલમાં ખર્ચી નાંખીશું તો શું ? આપણે બે બાજુ લડવાનું છે, તે ભુલવું નહી જોઇએ. સમાધાન કરનારને દબાવવા આપણી શકિત તૈયાર રાખવી પડશે. આપણી શક્તિ તે શ્રમજીવી આમ સમુદાય છે.

પણ આજ સુધી કોંગ્રેસના મૂડીદારી મંડળ નીચે આમ જનતાને કચડાવા દીધી છે અને ઉપરથી ' તેની મુકિત ત્યાંથી જ થશે, તેનાથી જ થશે,' તેવી ભ્રામક માન્યતા આમ જનતામાં કહેવાતા ઉદ્દામો અને સામ્યવાદી ગણાવતા લોકોએ પણ ઠસાવી છે. તેથી લડતની રમતમાં મોટો ભાગ તણાશે. પણ સમાધાન ન કરવા દેવાનું બળ કયાં ? આ આપણે વિચારવાનું છે.

" સંયુકત મોરચા "ના સુંદર શબ્દાડંબરમાં ઉદ્દામો પોતાનો મોરચો ભૂલી ગયા છે. ગાંધીજીના છેલ્લા નિવેદનથી, કે જેમાં કામદાર, કિસાન, વિદ્યાર્થીઓને લડતથી દૂર રાખવા જણાવ્યું છે. તે પછી પણ સંયુકત મોરચાની ભ્રમજાળ ન તૂટી હોય તો તેઓ મજૂર કિસાનોના શત્રુની ગરજ સારશે.

પણ જો કોંગ્રેસ મજૂર-કિસાનોની અને સાચા શાહીવાદ વિરોધી બળોની દુશ્મન છે તેમ જણાયું હોય (જે ખુલ્લું થઇ ગયું છે) તો હવે સમાધાન વિરોધીઓની ફરજ કોંગ્રેસની બહાર આવવાની છે. તેમણે તો શ્રમજીવી અને નીચલા મધ્યમ વર્ગની લડાયક સંસ્થાઓને રાજકીય રંગે રંગી શાહીવાદ અને મૂડીવાદ તથા હિંદના તમામ સ્થાપિત હિતોને ફટકો મારવા જલ્દી કૂચની તૈયારી કરવાની છે. ખરી રીતે તો તૈયારીનો વખત ગુમાવ્યો છે. કોંગ્રેસને વળગી પોતાની તાકાત પાંગળી કરી મૂકી છે. હજુય આજે ચેતીને કોંગ્રેસ બહાર તાકાત જમાવવાની જરૂર છે. પણ લીડર લીડરના ચોકા

જુદા છે, તેની મોકાણનું શું ! આમજનતાની ક્રાંતિકારી લડત આ લીડરશિપના ભૂક્કા ઉડાવી દઇ શકે. માટે આપણે તે કાર્ય શરૂ કરવા આજથી જ તૈયાર થવું જોઈએ. આપણું કપરૂં કામ રામગઢથી જ કસોટીએ ચડયું છે તેમ નથી, પણ ત્રિપુરીથી તદ્દન નગ્ન રૂપમાં પ્રકાશ્યું છે. ફકત "ઉદ્દામો" માતૃ સંસ્થા કોંગ્રેસના ખરા રૂપને પીછાણી શકયા નથી તે જ દુઃખનો વિષય છે.

"**હજુ કોંગ્રેસ સામે કોંગ્રેસ**" એ સૂત્ર ભ્રમ ફેલાવે છે. "કોંગ્રેસ", "મહાસભા" આ નામોનો મોહ આપણે શા માટે રાખવો જોઈએ ? આપણે તો ખરા નામે શાહીવાદ વિરોધી તમામ બળોને એક રાજકીય મંચ પર ચોક્કસ કાર્યક્રમ પર એકત્ર કરો ને શાહીવાદ અને મૂડીવાદના નાશ માટેની લડતની આખરી કૂચ કરો. વર્ગ વિહીન સમાજ રચનાની સ્થાપના વગર સ્વરાજ કેવું !

સ્વરાજ એટલે કિસાન-કામદારોનું રાજ. એ સિવાયની કોઈ ભ્રમણામાં ફસાવાનું નથી. **લાલ ઝંડા સિવાય કોઇ ઝંડો ક્રાંતિનો ઝંડો નથી અને ક્રાંતિ વગર શાંતિ નથી** માટે ક્રાંતિકારી દળો જાગે અને બુદ્ધિપૂર્વક મક્કમ ડગલાં ભરે.

ગુજરાત કિસાન પરિષદના બીજા અધિવેશન વખતે આ વસ્તુ કિસાનોના ધ્યાન પર લાવવા અને કિસાન જીવનનો ખ્યાલ આપવા આ નાટક (નાટક ન ગણાય) જેવો પ્રયાસ રજુ કરૂં છું. તેની ખામીઓ જાણું છું. પણ ખામી કરતાં તેની પાછળનો ઉદ્દેશ જોવા વાંચક બિરાદરોને વિનંતી કરૂં છું.

ઈન્કિલાબ ઝિન્દાબાદ !

લેખક

કિસાન જંગ

[એકાંકી નાટિકા]

પાત્ર પરિચય

પુરુષ પાત્ર

જમનાદાસ શેઠ—ખેડૂતોમાં લેવડદેવડ કરનાર વ્યાજ ખાઉ વાણીઓ.

ઉકા પટેલ—એક ખેડૂત.

પશવો ઉર્ફે પરસોતમ—ઉકા પટેલનો છોકરો.

શરદ—ભણેલો સંસ્કારી યુવાન, કિસાન નેતા.

ગ્રામ્ય પંચાયતના સભ્યો:

- **કેશવજી ઠક્કર**—ન્યાતે લુહાણા, ધંધો અફીણનો ઈજારો અને ધારધીરનો.
- **શંકરભાઈ અમીન**—અમીન કુટુંબના ગૃહસ્થ, ગામમાં એક જીન છે અને જમીનદારી છે.
- **માસ્તર**—જમનાદાસ શેઠના ઘરજમાઈ અને નિશાળના માસ્તર.

શ્રોતા—એક સભાજન.

સ્ત્રી પાત્ર

કડવી પટલાણી—પશવાની મા.

મણી—પશવાની વહુ.

મુખી, મહાલકરી, બેલીફ, પટાવાળો, ફોજદાર, ઈન્સ્પેક્ટર, પોલીસ, બ્રાહ્મણ, અતીત બાવો, ચારણી, ભાંડ, સભાના નરનારી વગેરે.

પ્રવેશ પહેલો

[જમનાદાસ શેઠ—આંખે ચસ્મા, માથે ફેંટો, લાંબુ અંગરખું, હાથમાં ખુલ્લા ચોપડા ને કાને કલમ ભરાવી પોતાની દુકાનમાં બેઠા છે.]

ઉકો પટેલ—(પ્રવેશતાં) શેઠ ! જે હરી.

શેઠ—જે હરી, આવો આવો ઉકા પટેલ ! કેમ કાંઈ અત્યારમાં ?

ઉકો પટેલ—આ જરા કામ હતું આપનું. તે ખેતર જતો'તો તે થાયું કે લાવને શેઠને જરા મળતો જાઉં.

શેઠ—ખુશી થાવા જેવું, પટેલ. શું કામ પડયું ?

પટેલ—વાત એમ છે કે આપણાં પશવાનાં લગન આવ્યાં છે, ગોર ઘેરે બેઠા છે મેં ધાર્યું કે લાવને શેઠને પહેલું પૂછીને પછી લગન વધાવીએ.

શેઠ—હા, હા, સદ્‌ભાગ્ય પટેલ ! પ્રભુએ અવસર આપ્યો. વધાવી લ્યો લગન.

પટેલ—પણ.........શેઠ.........

શેઠ—એમાં શું ? આ બધું તમારૂં જ માનજો. પશવાની જાનમાં હું આવીશ. બોલો, પછી છે કાંઈ ? એમાં પણ બણના ગળસવાં શું ગળો છો ?

પટેલ—આપ જેવા સમરથનો ટેકો છે પછે શું ?

શેઠ—ટેકો તો શ્રીહરીનો, આપણે તે કોણ ?

પટેલ—ઇ તો મોટાના દીલેય મોટા ને ? શેઠ ત્યારે ભૂલશો નહીં હો. પશવો તમારો જ દિકરો ને જાન તમારે જ જોડવાની છે.

શેઠ—એમાં કહેવાનું શું ? આજ સુધી તમારો ને અમારો વહેવાર જ એક ઘર જેવો છે ને ? જુદાઈ કયાં દીઠી પટેલ ?

પટલાણી—(પ્રવેશતાં પટેલને) શું તમે તે આમ ભટકયા કરો છો ? ઘેર પેલો ભામણ બેઠો છે ને હું તો ગોતીગોતીને થાકી. આમ ગામની પટલાઈ શીદ હાંકો છો ? તમારા સગલાને જવાબ તો આપો ! અને ભામણ મુઓ છે તે કાંઇ એને જોહવું તો જોહે ને ? તમે આંઈ પટલાઈ કરો ને હું ત્યાં શું મોઢું બતાવું ? ઘેર ટળો ! ઘેર !

પટેલ—આ ઈજ કામે આવ્યો'તો કોરે આપણા પશવાને પરણાવવાની

હામ ભીડી છે, ઈ જાણુછ? નકામી વડછકાં શું ભરતી હશે? હાળાં બૈરાંની તે કાંઈ જાત છે!

શેઠ—હવે ઘેર જાઓ, વહુ! જાવ, જાવ, સારો અવસર આવ્યો છે. લાપસીના આંધણ મૂકો ને લગન વધાવી લ્યો, બેટા.

પટલાણી—લગન તે શેના વધાવાશે? કાંઈ મફત પારકી છોકરીને ઘેર લવાય છે?

શેઠ—ઈ તો સૌ સારાંવાનાં થશે. ભગવાન સૌની લાજ રાખે છે ને?

શરદ—(દુકાન પાસેથી જતાં) શેઠ! કોની લાજ જાય તેવું બન્યું છે!

શેઠ—(જરા કચવાઇને) કાંઈની શરદ ભાઈ! ઈ તો ઉકા પટેલના પશવાનાં લગન છે, તેની વાત છે.

શરદ—પરશોતમના લગન?

શેઠ—હા, કેમ ચમકો છો?

શરદ—પણ એ તો હજુ માંડ ૧૪–૧૫ વર્ષનો થયો છે ને?

શેઠ—તો શું ત્યારે માથે ધોળાં આવે ત્યારે પરણે?

શરદ—ઠી...ઈ...ક. પણ...એમાં લાજનો પ્રશ્ન ક્યાં છે?

શેઠ—એ વાતમાં તમો ન હમજો. (પોતે જ) ભણેલા પણ ગણેલા નહીં. (શરદને) ઈ તો વહેવારની વાતું છે ભાઈ!

શરદ—શેઠ, ભગવાને કાલે ધરમશી પટેલની લાજ તમારે જ હાથે કાં લેવરાવી ભલા?

શેઠ—(પટલાણીને) પટલાણી તમો જાવ બેટા! જાવ. જોઇએ તે મંગાવી લેજો.

(પટલાણી બંનેની વાતો સાંભળવા ઉભાં રહે છે. પટેલ જાય છે.)

શેઠ—(શરદને) તે તારે આડો હાથ દેવો'તો ને? મોટા ધરમનો દિકરો હોતો. (ક્રોધે ભરાઈને) તું ભરી દે પૈસા શાહુકારનો દીકરો હો'તો.

શરદ—(ઠંડાશથી) હું તો નથી શાહુકાર કે નથી શાહુકારનો દિકરો. નહિ તો તમારા જેમ કેટલાયની લાજ ચોપડામાં પુરી ન દેત? પણ શેઠ! તમારા ભગવાને ધરમશીની આબરૂ તો લીધી, ઘરવખરીએ

લીધી. પણ બિચારાની છોકરીએ ક્યાં તમારા પૈસા લીધા હતા? તેનો ભોગ શું કામ લીધો?

શેઠ—મેં લીધો? મેં? મેં?

શરદ—તમોએ. તમારા ભગવાન મારફત. અને સરકારની પોલીસ બોલાવી અને જમી કરી, ઘર બ્હાર કાઢતાં ધરમશીની બૈરીને ધક્કો માર્યો ને તેની ધાવણી છોકરીનું માથું પત્થર સાથે અફળાયું. ધરમશીની બૈરીનો શ્રાપ સાંભળ્યો શેઠ? એણે કીધું કે મ્હારૂં ઘર વિંખાવ્યું. "મારૂં બાળ્યું તેવું એનુય બળજો."

શેઠ—એવી તો ઘણીય શંખણીઓ બોલે છે. છતાંય કાંઈ અમારો તો પ્રભુ વાંકો વાળેય કરતો નથી.

શરદ—પ્રભુને તો તમો પરસાદથી બનાવી જાશો. પણ જેને હેરાન કરો છો તે રૂઠશે ત્યારે વાળેય તમારા માથે નહીં રહે શેઠ!

શેઠ—જા, જા, તારા જેવા લફંગાઓએ જ ગામનું નખ્ખોદ વાળ્યું. તું જ ગામડીઆઓને ભેગા કરી નચાવે છે, પણ યાદ રાખજે મામલતદાર સાહેબ મારે ત્યાં ચા પીવા પધાર્યા તે દિ' તારો ઘડો લાડવો કરાવી ન દઉં તો મારૂં નામ જમનાદાસ નહિં!

શરદ—જમના દાસ ખરા, સાતવાર ખરા, જમના સગાભાઈ જેવા જ છોને!

શેઠ—ગાળો દેવા માંડે છે. (શરદ ચાલતો થાય છે)

પ્રવેશ બીજો

[ચૈત્ર-વૈશાખ મહીનાનો સમય છે. સખ્ત તાપ પડે છે. ઘઉંના ખળામાં પશવો અને તેની વહુ મણી ઘઉં ઉપણે છે.]

પશવો—અલી સંભાળીને ઘોડી પર ચડજે હોં! વાયરો સખત વાય છે, પડી જતી!

મણી—તો તું ઝીલી લેજે ને?

પશવો—હું શું કામ એવું કરૂં? અને આ બધા લોકો દેખે કે નંઈ?

મણી—આ બધા લોકો શું એમની બાઈડીયુંને ઘરમાં દૂરથી જ દેખી રહેતા હશે?

પશવો—લે હવે રાખ્ય. શરમા, શરમા જરા!

(ભજન ગાતા ગાતા બ્રાહ્મણ, બાવા વગેરે આવે છે)

બ્રાહ્મણ—ઘણું જીવો, યજમાન રાજ!

અતીત બાવો—શંકર ભગવાન અખંડ રાખે તમારી જોડલીને!

ચારણી બાઈ—ખમ્મા કરે તને જોગમાયા, મારા વીર, માતાજીનો ખીચડો આપ મારા વીરા!

ભાંડ—(હોઠ ભભડાવી) ભાંડ રાજાને ખુશ કરો. તારી ખેતી જીવે, તારો ઢાંઢો જીવે, જીવે જીવે તારી જુવાની, જીવે ભાંડ રાજા. તાવ તરીઓ, દુ:ખ દળદર જાય...સુખી શેઠાણીના નેશામાં.

મણી—(પશવાના કાનમાં ધીરેથી) શેઠાણીએ શું પાપ કર્યાં હશે?

પશવો—એણે નહીં તો એના નેશાએ તો કર્યાં હશે ને?

મણી—લે શરમા, હવે શરમા.

પશવો—જેવી તારી શરમ એવી તારા આ બાયડાની શરમ.

અતીત બાવો—પટેલ! ભીખ આપી દ્યો.

પશવો—મહારાજ! વરસ વસમા આવે છે જાણો છો ને?

સૌ માગણ—વરસ તો જેવા માનવીના મન તેવા જ આવે ને બાપ!

પશવો—અમારા ખેડૂના મન તો માટી જેવા હોય, પણ તમારા જેવા પરભુના માનવીના પુન્ય કેમ પરવારી ગયાં હશે?

ચારણી—આઈ તને આશરવાદ દે છે વિરા! મારી ભોજાઈને ખોળો ખુંદનાર આઈ દેશે. (મણીના મોઢે શરમના શેરડા પડે છે)

પશવો—માતાજી! આ આટલાનાં પેટ નથી ભરાતાં ત્યાં વળી નવી આફતનાં આશરવાદ શીદ?

ચારણી—ખમ્મા, ખમ્મા, વીર. એવી અવળ વાણી માં બુલજે.

બ્રાહ્મણ—પટેલ! પુન્ય કાર્યમાં ઢીલ શીદ કરો છો? જે પાલી પવાલું આપવું હોય, ઈ આપો તો બીજું ગામ પકડીએ.

પશવો—પ્રભુ ! પધારો ત્યારે. આ ખણુ તો જમનાદાસ શેઠને ચોપડે ચડી ગયું છે.

સૌ સાથે—બળ્યા ચોપડા. ધરમના કામમાં આવી નકામી વાતો શીદ કરો છો ? દેવું હોય તો દ્યો, નહીં તો થયું.

પશવો—દઇ દઇને ય થાકયા. કાંઇ વળ્યું નહિં.

બ્રાહ્મણ—પરભવનું ભાથું છે ભાઇ !

પશવો—મહારાજ ! આ ભવે જ માથું સલામત નથી ત્યાં પરભવની શીદ ઝીંકે રાખો છો ?

અતીત બાવો—હમ લિયે બિના નહીં જાયગા, ખૂન નિકાલેગા. તુમ જાનતે હો ? હમ કૌન હૈં ? હમ જુલમી ભારતી કે ચેલે. જય શંભુ......(છરી કાઢે છે.)

મણી—બાળોને થોડુંક, લપ જાય.

પશવો—પણ પછી તૂં, હું, શેઠના ચોપડા ને (મણીના શરીર તરફ આંગળી ચીંધીને) આ આવશે, એ બધાનું શું ?

(અતીત બાવેાાં ઉપરથી જરાક ચામડી ચીરીને લોહી કાઢે છે)

પશવો—મહારાજ ! પણે દાતરડું પડયું છે, ઇ લ્યો. આ નાનકડી ચપ્પુથી સિદ્ધિ નહિં મળે.

સૌ માગણ—તું તે પટેલ છો કે રાક્ષસ ! માણસના જીવ બાળે છે તે તારૂંય બળશે.

પશવો—મારૂં તો કયારનુંય બળી ગયું છે અને મારા સાથે જ તમારૂં બળે છે ને ?

સૌ માગણ—(નિરાશ થઇને) કળજગ આવ્યો, ધરમ ગયો, સાળાઓ પાપી થઇ ગયા.

બ્રાહ્મણ—હે સત્યનારાયણ પ્રભુ ! આવાને તું જરૂર દંડ દેનારો છે.

અતીત—શંભુ ! ભોળાનાથ ! આવા પાપીને બાળીને ભસ્મ કરજે.

ચારણી—હે જોગમાયા, હે આઇ પાપીને પલ્લે કરજે.

(સૌ ગાળો દેતા જાય)

પશવો—(ફંટાળીને પરસેવો લુછે છે) મારા હાળા સૌને ખેડૂની મહેનત ઉપર હરામનું ખાવું છે, ને ઉપરથી દાદાગીરી ! ભગવાન, સત્યનારાયણ, શંભુ, માતા, બધા જાણે ભીખારી જ બન્યા લાગે છે.

(બેલીફ, પટાવાળા અને ગામના મુખી સાથે જમનાદાસ શેઠ હાથમાં ચોપડા લઇને પ્રવેશ કરે છે.)

બેલીફ—પરશોતમ ઉકા કોનું નામ ? તારૂં કે અલ્યા ?

પશવો—હા, સા'બ.

બેલીફ—તારૂં, ખળુ જમીમાં લેવાનું છે. આ શેઠના દેવા પેટે.

પશવો—સા'બ ! પણ નવો કાયદો થીયો છે ને ?

બેલીફ—કાયદોબાયદો કાંઇ નહીં. ચાલ, કર સહી આ કાગળીઆં પર.

પશવો—પણ સા'બ એમ સહી નો થાય. કાયદો છે કે ખેડૂતના કુટુંબને વરસ સુધી હાલે એટલું અનાજ રહે તો શાવકાર પામે.

બેલીફ—હ, કાયદો હશે. જા તારા કિસાન સભાવાળા પાંહે.

પશવો—સા'બ તારે ખળુ લેવું હોય તો તમો રજા લઇ આવો ઈ કિસાન સભાવાળા પાંહેથી. નહીંતર સહી બહીના રામ રામ.

મુખી—(આગળ આવીને) જો, પશવા ! તારા દાદા જોડેનો જૂનો સંબંધ. એક નાતના એટલે હું બોલ્યો નથી, પણ સાહેબ જેવા મોટા મનખ્ય પાંહે જેમ તેમ હું બકે છે, તેનું ભાન છે ? આપણે તો રોજ કોર્ટના ધકકા, રોજ એમના દબાણમાં. નકામો ઈ કિસાન સભાની હડફેટમાં તૂં ભીસાઈ ને ભૂખે મરી જઇશ. હમજ્યો ?

પશવો—પણ, કાકા ! વરસ નબળું છે. શેઠને ચોમાસાનું ખળુ આખુંય ભરી દીધું. પણ એનો ચોપડો તો ખૂટતો જ નથી. છતાંય કીધું કે થોડું ઘણું દે'શું. પણ શેઠ તો કહે કે આ વરહે લડાઇ ફાટી છે તેથી અનાજ બધું જ હું તો જપ્તીમાં લઉં.

શેઠ—(કરડાકીથી કટાક્ષમાં) પરશોતમ કાકા ! જ્યારે તમારા બાપા ને મા વાંકા રીયા ત્યારે તમારી આ હગલીને લાવવા જમનાદાસ કાકાએ આગ્રહ રાખી'તી. પરણ્યો તે દિ' નો'તી

ખબર કે કાકાના પૈસા દૂધે ધોઇને દેવા પડશે ?

પશવો—પણ ઇ તો પાનહેં હતા. તમારે ત્યાં પાંચ વરહના બધા ખળાં ને ત્રણ ભેંહુ, બે બળદ, ને બે ખેતર તો માંડી દીધા તોય તમારૂં પુરૂં નો પડયું ?

શેઠ—હજુ તો વ્યાજ ને મુદ્દલ મળી રૂા. ૮૦૦ બાકી છે, દિકરા મારા !

પશવો—તમારા ચોપડા ખોટા છે.

શેઠ—અને તું ધરમરાજાનો દિકરો. ખરૂં ને ?

પશવો—શેઠ, મું હમાળી ને બોલજો.

શેઠ—તારે શાહુકારનો હો'તો કાકાના કાઢી દે ને ? (બેલીફ તરફ) સાહેબ, કરો જપ્તી.

પરશો—(મોં મચકોડીને) હં ! કરો જપ્તી ! બાપાએ હળ હાકયું હશે ને ? અડી તો જુઓ કે કેટલા શેરની પાનશેરી થાય છે ?

બેલીફ—પટાવાળા ! પકડ આ હરામી ને ! સરકારી કામમાં ડખલ કરવાનો ગુનો કરે છે !

પશવો—અને તમો સરકારી કાયદાનો ભંગ કરો છો.

સુખી—શાંત થાવ, શાંત થાવ. (પશવાને) તું જરા હમણાં દોઢ ડાહ્યો થઇ ગયો છે. પેલા કીરપારામના છોકરાની સોબતે ચડયો લાગે છે. સા'બનું અપમાન કરે છે ? જો આમ કરે તો નો હાલે. હું ગ્રામ્ય પંચાયતના સભ્યોને બોલાવું તે પંચ છે, તે ઠરાવે તે કરવાનું.

પ્રવેશ ત્રીજો.

[ગ્રામ્ય પંચાયતના સભ્યો સુખી સાથે પ્રવેશે છે.]

સુખી—(પશવાને) જુઓ, ગ્રામ્ય પંચાયતના આ અમારા સભ્યો. તેમની પાસે મેં આખોય કેસ મૂકયો છે. એક બાજુ શેઠ જમનાદાસભાઇ જેવા ગૃહસ્થ છે, સાહેબ છે. અને બીજી બાજુ મારો દિકરો ગણું કે ભત્રીજો ગણું જે છે તે છે. છતાંય ન્યાયની બાબતમાં કોઇની શરમ હું રાખતો નથી. માટે પંચ ઠરાવે તે બંનેને કબુલવું પડશે.

પશવો—પણ કાયદો......

મુખી—ઇ તારૂં દોઢ ડાં'પણ રહેવા દઇશ?

શેઠ—પણ

(મુખી શેઠને બાજુમાં લઇ જઇ કાનમાં કંઇક કહે છે. શેઠ સંમતિ-દર્શક ડોકું નમાવે છે. પછી મુખી અને પંચના સભ્યો બે ત્રણ મીનીટ બાજુમાં જઇ ચર્ચા કરી પાછા આવે છે.)

પંચ—(પશવાને) જુઓ, અમારો ફેંસલો મુખી સંભળાવે છે.

પશવો—પણ સરકારનો કાયદો છે કે......

પંચ—પંચનો ફેંસલો એટલે પરમેશ્વરનો ફેંસલો. કાયદા પણ એની હેઠ. અમો તો પંચમાં માનનારા છીએ. સ્વાર્થની વાત છોડી તારે સત્ય અને અહીંસાના સિદ્ધાંત મૂજબ આ પંચનો ફેંસલો માથે ચડાવાનો.

મણી—પણ પંચમાં અમારૂં તો કોઇ નથી ને શેઠના તો તમો બધાય...

મુખી—અરર......વહુ બેટા! જરાક તો લાજ શરમ રાખો. આમ ઉઘાડું ઉઘાડું શું બોલો છો? સાત પેઢી નરકમાં જાશે.

પશવો—પણ, આ તો અમો જીવતાં નરક ભણી હાલ્યા, એનું શું?

મુખી—(પંચનો ફેંસલો વાંચે છે) ખળાનો તમામ માલ ખરી રીતે શેઠને હવાલે કરવો જ જોઇએ. પણ પંચ કાયદા કરતાંય દયાને વધુ ધ્યાનમાં રાખી પશવાનાં છોકરાં તથા ઘરડી મા તરફ દયા બતાવી ૧૦ મણ અનાજ તેમને ખાવા રાખી બાકીનો ભાગ શેઠના વ્યાજ પેટે જમા કરવા શેઠને વિનંતિ કરે છે અને બાકીનું આવતે વરસે પ્રથમ શેઠને ભરવા પશવાને જણાવે છે. શેઠ આટલી દયા બતાવશે તેવી પંચ આશા રાખે છે.

પશવો ને મણી સાથે—દયા! દયા શેંની રાખની? આ તમારો ન્યાય! મારે નથી જો'તું તમારૂં પંચ કે નથી જોતો તમારો ન્યાય.

(પશવો ને મણી ખળાના અનાજ ઉપર સૂઇ જાય છે. સૌ તેમને ઘસડી બ્હાર ખેંચે છે. ખેંચતાણમાં શેઠ તથા બેલીફનાં ધોતીયાં પગમાં ભરાય છે ને બન્ને પડે છે.)

શેઠ—(પસાયતાને) જાઓ, પોલીસને બોલાવો.

(પસાયતો જાય છે. પોલીસ આવે છે. પશવાને પકડી ઉતારે લઈ જાય છે. અનાજ શેઠને હવાલે થાય છે. સૌ જાય છે.)

પ્રવેશ ચોથો

[શેઠ પોતાની જન્મતિથી નિમિત્તે સત્યનારાયણની કથા કહેવરાવે છે. મહાલકરી, બેલીફ, તલાટી, સરકલ ઇન્સપેકટર, ફોજદાર, મુખી, ગ્રામ્ય પંચાયતના સભ્યો વગેરે બેઠા છે.]

મુખી—(શેઠને) આ મીજલસ તો કરી પણ બધાના મોં ગળ્યા કરાવવાનું શું ?

શેઠ—આ બીજુ શું ચાલે છે ત્યારે ?

મુખી—એમ, એટલેથી કાંઈ પતે ?

શેઠ—જુઓને, પંચના સભ્યોને તો જાણ્યે રાજી કર્યા છે. હવે રહ્યા આ સાહેબો. મહાલકરી સાહેબ પાસે તો બીજુય એક કામ છે. ને આ ત્રણેય સાહેબ (બેલીફ, ફોજદાર, તલાટી)ને બાજરો મોકલાએ તો કેમ ?

મુખી—એમ લોભા ન બનો શેઠ ? કામની કિંમત સમજો.

શેઠ—એ તો જેવું વરસ. તમેય કયાં નથી જાણતા. હમણાં વરહ કયાં સારાં આવે છે ?

મુખી—તમારે માટે તો સારાં. ખરાબ તો ખેડૂ માટે શેઠ ! મને કાં ભણાવો ? હું તો ખેડૂનો દિકરો ને વાણિયાનો સાથી અને અમલદારનો તો ...હં...

શેઠ—(આંખો મીચકારીને) ચાલો ત્યારે સૌ નક્કી કરશું. પછી છે કાંઈ ?

મુખી—સાહેબ પાસે બીજું કામ કહેતા હતા તે શું ?

શેઠ—આ પેલું લફરૂં જ તો.

મુખી—કયું વળી ?

શેઠ—આ પેલો કીરપારામનો છોકરો, શરદીઓ.

મુખી—એનું શું છે ?
શેઠ—એ સાલાને ગામમાંથી કાઢવો જોઇએ.
મુખી—તે એમાં શું. કરી દઇએ. ઓલો પછી છે કાંઇ ?
શેઠ—મને ભરોસો છે ભાઇ તમારો તો.

(ચા પાણી ને પ્રસાદ આવે છે. સૌ આરોગે છે ને વાતો કરે છે. મુખી મહાલકરીના કાનમાં કંઇક કહે છે.)

મહાલકરી—(મુખીને) શેઠની ઇચ્છા હોય તો કાંઇ ના પડાશે.. પણ શેઠે કંઇક કરવું પડે ને ?
મુખી—(શેઠને કાનમાં) સાહેબને મોઢે વાત નાંખી જોઈ છે. સાહેબને જાણવા જોશે.
શેઠ—પણ કેટલું ?
મુખી—જેવા માણસ તેવી વાત.
શેઠ—પણ કાંઇ નામ બામ ?
મુખી—મેં ખૂબ સમજાવ્યા ત્યારે તો હા ભણી. જુઓને મોટા માણસ લાંચ કાંઈ થોડા જ લ્યે. સાહેબનાં ઘરનાં છેને. બ્હેનના હાથની ચાર તોલાની બંગડી. આછું પાતળું તો ગણાય. પણ ઈ તો. સાહેબેય જાણે છે કે મોળું વરસ પાક્યું છે. ને હું હું ને પાછો.
શેઠ—જરા ભારે પડશે.
મુખી—લો, હવે રાખો. તમો તો લોભીઆ ભારે ભાઈ !
શેઠ—સારૂં, જોઇશું.
મુખી—જોશો શું કપાળ ! ઇ તો નક્કી. મેં સાહેબને જીભ દીધી છે.
શેઠ—પણ વાર છે.
મુખી— શું મારૂં નાક કપાવવું છે ?
શેઠ—પણ......
મુખી—પણ બણ કાંઈ નહી. આજે જ કરો ને કાલે શરદડા. બરદડાના બાર વાગી જાય છે કે નહી. પછે છે કાંઇ ?
મુખી—(મહાલકરીને) સાહેબ, હું વચ્ચે છું હોં. સેવકને ન ભૂલતા.
મહાલકારી—પટેલ શું મને કાંઇ સ્વાર્થી ધાર્યો. શું નક્કી કર્યું ?

મુખી— સાહેબ બે તોલાની સોનાની બંગડીયું. મારી બોનના હાથમાં કાલ સવારે રમતી દેખાડું તો માનજો કે બાપડાનું વચન !
(શેઠ આવીને બેસે છે.)

મુખી—(શેઠને) શેઠ ! સાહેબને પાકું કરવા કીધું છે. માનતા નો'તા પણ તમારૂં કામ પછી તો તમો જાણો છો ને ? થાય તેટલી આજીજી મેં સાહેબને કરી છે. પણ શેઠ, મુખી કામનો છે. ઈ ભૂલતા નહીં હોં.

શેઠ—મુખી ! કર્યાં કર્મનો બદલો ઈશ્વર જરૂર આપે છે.

શરદ—(પાછળથી આવીને) હા, જરૂર મળશે. પશવાની જાન જોડી ઘર બંધાવી જીવન ભાંગ્યું તેનો બદલો ઈશ્વરે ચોપડે લખ્યો હશે. ખરૂંને જમના......કાકા.

શેઠ—એલા, તું...... અહીં ક્યાંથી ? ઉભો રે, ઉભો તો રે.

શરદ—કાકા ફરી મળીશ. (જાય છે.)

[સૌ તેના તરફ ફાટી નજરે જોઇ રહે છે. શેઠને મુખી, મહાલકરી ને ફોજદાર ઇશારાથી શરદને બતાવે છે. પડદો પડે છે.]

પ્રવેશ પાંચમો.

[દુષ્કાળનું વરસ છે. લોકો ભુખે મરે છે. ઢોરોને કાઢી મૂકે છે. ગામની શેરીમાં પશવો મણી સાથે પ્રવેશ કરે છે.]

પશવો—અલી હાંભળ્યું ?

મણિ—શું ?

પશવો—કહે છે કે લોકોને ખાવા ધાન નથી. તેથી સરકારે કામ કાઢયાં છે અને કામનો ઇજારો જમનાદાસ શેઠે રાખ્યો છે. ધર્માદા કામ ખોલ્યું છે ને લોકોને કામ આપે છે. રખડતા ઢોરોને પણ જમનાદાસ શેઠ પોતાને ઘેર લઈ જાય છે ને પાળે છે.

મણી—મારા રોયા, નખ્ખોદીયા ! ગામની સીમનું ખડ પહેલાં હરાજીમાં લઈ ગયા અને હવે ગામના ઢોર દુકાળ છે તે મફત લઇ જાય છે ને ઉપરથી થાય છે ધરમનું પુંછડું ?

પશવો—હવે ઈ તો ગમે તેમ હોય, અત્યારે આપણુને પેટ જોગું તો મળશે. બલે દિ' આખો કામ લ્યે. (બંને કામ માટે જાય છે.)

પ્રવેશ છઠો.

[એક કારકુન મજુરોના નામ નોંધવા બેઠો છે.
પશવો ને મણી પ્રવેશ છે.]

પશવો—સા'બ, અમો કામે રે'વા આવ્યા છીએ.

કારકુન—શું નામ? કયા ગામનો છો? કેવો છો? આ બાયડી તારી શું સગી થાય!

પશવો—(એકદમ સવાલોથી કામે રાખશે કે નહિ તે બીકે ગભરાટમાં) મારૂં નામ પશવા ઉકા, ગામ ખરેડી, નાતે કણબી પટેલ.

કારકુન—(મણી તરફ આંગળી કરીને) આ તારી શી સગી થાય?

પશવો—મારૂં ઘરનું માણસ છે સા'બ.

કારકુન—ઠીક. જા પણે ઉભો રહે. (બંને જાય છે.)

કારકુન—(મણીને) એ'ય તું કયાં જા' છ? તારે કામ નથી જો'તું!

મણી—જોવે છે, શા'બ!

કારકુન—તારે બાગે છે કેમ? નામ નોંધાવતી જા.

મણી—મારૂં નામ મની.

કારકુન—ઉંમર?

મણી—વીસેક વરહ થીયાં.

કારકુન—પરણી છો?

મણી—હા શા'બ.

કારકુન—છોકરા કેટલાં? (મણી જવાબ નથી દેતી.)

કારકુન—કેમ મૂગી થઈ ગઈ. મજુરી કર્યે એવા તારાં લખણ નથી લાગતાં. જો તારૂં મોઢું.

મણી—તમારે બીજી વાતું નો કેરવી શા'બ. રાખવા હોય તો રાખો.

કારકુન—અહીં તો જેવું માણસ, જેવું રૂપ તેવી મજુરી. હમજી?

મણી—ચુલામાં જાય તારૂં કામ. (પશવા પાસે જઈ) હાલો આંય મારે કામે નથી રેવું.

પશવો—કાં!

મણી—મારા રોયા બધા કુતરા જેવા છે.

પશાવો—પણ ખાશું શું ! ભૂખમાં ને ભૂખમાં જોને તારૂં શરીર !

મણી—ભૂખે મરીશ. પણ આંહીતો કામ નથી કરવું.

(બંને જાય છે.)

પ્રવેશ સાતમો.

[જમનાદાસ શેઠ યજ્ઞ કર્યા પછી દાન દક્ષિણા દેતા બેઠા છે.]

બ્રાહ્મણ—ધરમના અવતાર શેઠ! પ્રભુ તમારી ચડતી કળા રાખે. ધનવાન, આયુષ્યવાન, પુત્રવાન (શેઠ બેઆની આપે છે.)

(બ્રાહ્મણ વધુ લાલચની નજરે ઉભો રહે છે.)

શેઠ—ચાલો જલ્દી કરો. મારે હજુ ઘણું કામ છે.

મુખી—શેઠ ! આ ગામના પારેવાની જુવારમાં, લાયબ્રેરીમાં અને પેલા ગામના ધર્માદા ફંડમાં કંઇક આપો.

શેઠ—મુખી ! આપશું. એ તો આપણે ત્યાં જ જમે રહે છે ને ?

મુખી—પણ શેઠ એના હિસાબ તમો હજુ કરતા નથી તે ન ચાલે.

શેઠ—અત્યારે એવી પંચાત શી લાવ્યા મુખી ?

ગ્રામ્ય પંચ—શેઠ ! તમારો ઉદાર હસ્ત પંચાયત તરફ લંબાવો.

શેઠ—હા, હા, તમારી પાસે ફંડ ઘણું છે. આપણે હિસાબ કરી જોઇશું. પણ હમણાં તમારા સગાઓને તમોએ જે પૈસા આપ્યાની વાત બ્હાર આવી છે તે શું છે ?

સભ્યો—શેઠ ! તમારૂં ઢાંકો તો ? તમારી પાસે આ ખાતાના રૂા. ૮૦૦ નીકળે છે તેનું શું ?

શેઠ—ચોપડા લાવો, દાવો કરો. બધા ઠીક છો તે જાણું છું. આમ થશે તો ખબર પડશે.

(શેઠ હાથની મૂઠી ખુલ્લી કરી બતાવે છે. શરદ આવે છે.)

શરદ—(શેઠને) જમનાદાસ શેઠ ! તમારા દુકાળના કામના મજુરોની મજુરી તેમને પુરી મળતી નથી. મારી પાસે ફરીઆદો છે. તેનો નિકાલ કરી નાખો, નહિ તો ઝગડો થશે.

શેઠ—તારા જેવા લબાડ જોડે હું વાત કરવા નથી માગતો.

શરદ—વાત ભલે ન કરો પણ સરકારી કામના હજારો રૂપીઆ ગરીબોને ધર્માદા કરવાના કામને નામે વધુ કામ લઇ ઓછું દામ આપો છો, ઉપરથી કોઇ સ્ત્રીની લાજ આબરૂ લેવાય છે. ને પાછા મજુરીના પૈસાના અખાડા ! કેમ ?

શેઠ—તારા મોઢાની વાતો કોણ તારો દાદો સાંભળે છે. બધા અમલદારો મારી ખીચડી ખાઇ બેઠા છે. તારૂં પણ હવે આવી બન્યું જાણ ને ?

શરદ—શેઠજી ! મારી વાતની ચિન્તા કરી દૂબળા ન બનશો. પણ આપ સંભાળજો. મોઢાની આ નથી થાતી. મારી પાસે પુષ્કળ પુરાવા છે ને મેં સરકારને અરજી કરી છે.

શેઠ—એમ ! તારી અરજી કાલે જ તારી આંખ સામે લાવી ચીરા કરાવીશ. સમજ્યો ? બધા મારા ફોડેલા છે છેક સુધી.

પ્રવેશ આઠમો

[લોકલ બોર્ડ અને ધારાસભાની ચુંટણીની એક પ્રચાર સભા છે. જમનાદાસ ધારાસભાના અને તેમના જમાઈ અને ગામના જીનવાળા અમીન તથા મુખી લોકલ બોર્ડના ઉમેદવાર ઉભા થયા છે. આ બધા કોંગ્રેસ પક્ષ તરફથી ઉભા છે. બધાય ખાદીના પોશાકમાં સજ્જ છે.]

મુખી—(સભામાં ઉભા થઈ) આજની સભાના પ્રમુખ તરીકે માસ્તર સાહેબ જેવા સેવાભાવીનું નામ હું રજુ કરૂં છું.

અમીન—(ઉભા થઇને) હું ટેકો આપું છું. (બેસી જાય છે.)

માસ્તર—આજના મહાન્ કાર્યની જવાબદારી તમોએ મને સોંપીને જવાબદારી ઉપાડવા હુકમ કર્યો છે, તેને ઉપાડવા હું લાયક થાઉં અને તમારી સેવા કરી શકું તે માટે પ્રયત્ન કરીશ. હું સત્ય અને અહિંસાથી આઝાદીના આ મહાન્ કાર્યમાં મારો યથાશક્તિ ફાળો આપીશ. આજ ધરાસભાના કોંગ્રેસ તરફના ઉમેદવાર દયાવાન, ધર્મી શેઠ જમનાદાસ ભાઇને અમોએ તથા મહાસભાએ મૂક્યા છે. તેમના સેવા કાર્યો તમો સૌ જાણો છો,

હમણાં જ કોંગ્રેસ કાર્યમાં રૂ. ૧૦૦૦ નો ફાળો આપ્યો, ૨૫ રેંટીઆ આપ્યા, નિશાળને ત્રણ કાળાં પાટીઆં ને તેમનો મોટો ફોટો ભેટ કર્યાં છે. તેમની સેવાની યાદી આ જીભે ગણાવી શકાય તેમ નથી. માટે તમો સૌ તેમને જ ચુંટશો તેવી મારી ભલામણ છે. હું તમોને બાપુજીના નામે વિનંતી કરૂં છું કે આ સજ્જન સિવાય કોઇને તમારો મત આપશો તો તમે દેશના દુશ્મન બનશો.

એક શ્રોતા—(ઉભા થઇને) આ શેઠને મત આપશે તે દેશના દુશ્મન કે ન આપે તે ? જેણે આજુબાજુના ખેડૂતોની જમીન પડાવી. પહેરવા પોતડી નો'તી તે ગામ ધણી બની બેઠો. અમારાં લોહી પીધાં, અને એ લોહીમાંથી તમોને લાડવા જમાડે, દાન આપે તેથી તેને ધર્મી ને દેશસેવક બનાવવા હાલી નિકળ્યા છો કેમ ? ગરીબોને લૂંટે તે દેશ સેવક ! દેશ એટલે શું ? તમારા જેવા ગરીબોને લૂંટનારા લૂંટારા કે બીજું કાંઈ ? (સભા તરફ જોઇને) ભાઇઓ ! બ્હેનો ! કોઈ આને મત ન આપશો. નહિં તો એ આપણને વધુ ચૂસી કંગાળ બનાવશે તેના ચોપડાને કલમથી તમારી ગુલામી વધારશે. તમારી કોઠીઓ ખાલી કરી તેમની હાટડીઓ ભરશે.

(બોલનાર પર લાકડીનો ફટકો કોઈ કરે છે, ઘોંઘાટ વચ્ચે સભા વિખેરાઈ જાય છે.)

પ્રવેશ નવમો

[ગામના પાધરમાં સભા ભરાઈ છે. ફાટેલ તૂટેલ કપડાંમાં હજારો કિસાન સ્ત્રીઓ ને પુરુષો બેઠા છે. સભાના પ્રમુખ સ્થાને એક ખેડૂત જુવાન છે. શરદ ભાષણ કરતો દેખાય છે.]

શરદ—ભાઇઓ અને બ્હેનો ! આજે આ તાલુકાના પોતાને દેશભક્ત કહેવડાવતા લોકો ગાંધીજી અને દેશના નામે ધારાસભામાં જઈ પોતાના હિત માટે, પૈસા પેદા કરવા સભા ને ચુંટણીના ઢોંગ કરી તેને આઝાદીની લડત ગણાવે છે. આ આઝાદીની લડતની બાંગો મારનાર કોણ છે, તે તો હવે તમો જાણો છો. આ લોકોએ દગા ને પ્રપંચથી ખેડૂત જનતાને પાયમાલ કરી, તેમના ઘર બાર,

જમીન આબરૂ, બધું લૂટી લીધું. તેમણે પોતાના પૈસા વધારવા ધર્મના નામે ખુશામતીઆ ઉભા કર્યા. તમોને ડરાવવા સરકાર, જેલ, કોર્ટ, લશ્કર ઉભું કરી તમોને દબાવી લૂંટી માલદાર થયા. હજુ તમારૂં ગળું કાપવા તેઓ કાયદા કરવા જાય છે. ધારાસભામાં તેઓ તમારા પ્રતિનિધિ બનીને જાય છે. શું એ તમારા પ્રતિનિધિ છે? જેણે ધરમશી પટેલ અને પરશોતમની જીંદગી ધૂળ કરી, તે તમારો આગેવાન? આ દેશભક્તિ? આ અહિંસા ને સત્ય? તમો ગરીબો શું આ જમનાદાસ અને તેમની ટોળીને તમારા આગેવાન બનાવી તમારા જ ઘર લૂંટાવવા માગો છો?

સૌ—(એકી અવાજે) ના, ના. ના.

શરદ—તો તેને કોઈ મત ન આપશો.

એક જણ—પણ ભાઈ, એણે ધર્માદા કર્યા, સડક બંધાવી......

પશવો—ઈ તો આપણા જ પૈસાથી ને? સરકારને આપણે મહેસૂલ આપીએ છીએ. કાંઈ મફત નથી આ થાતું. મહેસૂલના પૈસાથી તો નિશાળ, સડક, કોર્ટું, જેલ, સપાઈ ને આ કાયદાની સભાઉં બધું થાય છે. ઈ આપણી કેડ ઉપર બધું છે ને, ભાઈ?

શરદ—જુઓ, ત્યારે કોઇ તેમને મત ન આપે. આપણે આ વરસે દુકાળ છે. અન્ન, ઘાસ કે પાણી નથી. તેથી આપણી કિસાન સભાની માગણીઓ છે તે માગવા એક સાથે જવાનું છે. સૌ સાથે બોલો, તમો સૌ આવશો ને?

સૌ—(સૌ હાથ ઉંચા કરીને) હા, હા, એમાં શું?

શરદ—જુઓ, આગળ વાવટો, પછી સ્વયંસેવકો, પછીબ્હેનો ને પાછળ સૌ, એમ હારબંધ ચાલવાનું. એક ગવરાવે તે સૌએ ગાવાનું.

મણી—(આગળ આવીને) લાવો, હું વાવટો પકડું છું.

(મણી વાવટો પકડી આગળ ચાલે છે સૌ પાછળ ચાલે છે. પશવો પહેલો શબ્દ બોલે છે. સૌ બીજો શબ્દ બોલીને ઝીલે છે.)

પશવો—ઇન્કિલાબ — **સૌ**—ઝીન્દાબાદ.

પશવો—મજૂર-કિસાન રાજ — **સૌ**—ઝીન્દાબાદ.

પશવો—લાલ ઝંડા — **સૌ**—ઝીન્દાબાદ.

પશવો—દુનિયાના ગરીબો — **સૌ**—એક થાવ.

પશવો—શાહીવાદ   **સૌ**—હો બરબાદ.

પશવો—શાહુકારી—જમીનદારી   **સૌ**—હો બરબાદ.

પશવો—(ગાય છે) ગુંજે આઝાદી કા નાદ—ઇન્કિલાબ ઝીન્દાબાદ

(સૌ ગાતા ગાતા આગળ કૂચ કરે છે.)

શરદ—અમારી માગણીઓ   **સૌ**—આપી દો.

શરદ—શાહુકારી   **સૌ**—હો બરબાદ.

શરદ—ઇન્કિલાબ   **સૌ**—ઝીન્દાબાદ.

શરદ—મજૂર કિસાન રાજ   **સૌ**—ઝીન્દાબાદ.

પશવો—અય ! મજદૂરો ઔર કિસાનો. ભવિષ્ય રાજ તુમ્હારા માનો ઇન્કિલાબ (સૌ ઝીલે છે.) ઝીન્દાબાદ.

(સામેથી જમનાદાસ, ફોજદાર, પોલીસ, મુખી વગેરે આવે છે)

શેઠ—(ફોજદારને શરદ તરફ ઇશારો કરીને) આ હરામીએ બધાને ફટવ્યા છે. પકડો તે સા.........ને

(ફોજદાર શરદને પકડે છે.)

શરદ—કયા ગુન્હાસર ? વોરંટ લાવો ?

(ફોજદાર ને પોલીસ શરદને ધક્કા મારે છે.)

પશવો—ગાલી ગોલી શૃંખલ જેલ, જાલિમ કા હૈ અંતિમ ખેલ.

(પોલીસ સરઘસને અટકાવે છે, સરઘસ અટક્યા વગર ધક્કા મુક્કી વચ્ચે આગળ વધે છે)

મણી—તમામ આગળ વધો. બોલો—લાલ ઝંડે કી જે.........જે

શરદ—(ધકેલાતાં) શાહીવાદ.   **સૌ**—હો બરબાદ.

ફોજદાર—(પોલીસોને) ઝૂંટવી લો, એ રંડી પાસેથી પતાકડી.

(બે ચાર પોલીસો મણી પર તૂટી પડે છે. તેને ધક્કા મારી વાવટો ઝૂંટવે છે. મણી સખ્ત રીતે પકડી રાખે છે.)

મણી—લાલ ઝંડે કી.........   **સૌ**—જે......

ફોજદાર—એ'ય ! આપી દે એ ધજા અને તમો સૌ વિખેરાઈ જાવ. નહીં તો નકામા મારવા પડશે.

મણી—કેમ કાંઇ બહુ શોખ થીયો છે ?

ફોજદાર—પકડો આને ! લગાવ સૌને લાઠી ને કરો ખોખરા !

(પોલીસ લાઠી માર કરે છે કેટલાક ઘાયલ થાય છે, કેટલાક નાસે છે.)

મણી—શાહીવાદ.   **સૌ**—હો બરબાદ.

મજૂર ખેડૂતરાજ—ઝીન્દાબાદ. લાલ ઝંડે કી—જે **(પડદો પડે છે.)**

પ્રકાશકઃ—મજુર સાહિત્ય પ્રચાર સભા—અમદાવાદ. ૧૯—૪—૪૦

મુદ્રકઃ—ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી, શુભેચ્છક મુદ્રણાલય,
ફરનાન્ડીઝ પુલ નીચે, અમદાવાદ.